# દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–અનુભાગાદિથી થતી આત્મા પર અસર

આત્મા પર દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–અનુભાગાદિ અનેક કારણોની અસર થાય છે, જેને લઈ અધ્યવસાયની ભિન્નતા થાય છે. કર્મનો એક સ્થિતિબંધ થવામાં અસંખ્ય અધ્યવસાયના સ્થાનો હોય છે. તે દરેક અધ્યવસાયે કોઈ પણ જીવ તે સમયે તે જ સ્થિતિ બાંધી શકે છે. એ રીતે ઘણા જીવોએ એકસરખી સ્થિતિ બાંધવા છતાં, તે સઘળાં જીવો એક જ ક્ષેત્રમાં, એક જ કાળમાં તથા એક જ પ્રકારના સરખા સંયોગોમાં અનુભવતાં નથી, પરંતુ ભિન્ન ક્ષેત્રકાળાદિ અને ભિન્ન ભિન્ન સંયોગોમાં અનુભવે છે. આનું કારણ ભિન્ન ભિન્ન ક્ષેત્ર, કાળ અને અનુભાગાદિવડે ( રસવડે ) થયેલી અધ્યવસાયની વિચિત્રતા છે. એ રીતે ભિન્ન ક્ષેત્ર, કાળ આદિ અસંખ્ય કારણો ભિન્ન ભિન્ન અધ્યવસાયો થવામાં કારણ છે. ક્ષેત્રાદિ તથા મોહનીયના સ્થાનકો અસંખ્ય હોવાથી અધ્યવસાયો પણ અસંખ્ય હોય છે.

આ અસંખ્ય અધ્યવસાયોવડે એકસરખી જ સ્થિતિ બંધાયા છતાં એકસરખા સંયોગોમાં અનુભવાતી નથી. કોઈ પણ એક સ્થિતિબંધનું એક અધ્યવસાયરૂપ એક જ કારણ હોય, તો તે સ્થિતિને એક જીવ જે સામગ્રી પામી અનુભવે, તે જ સામગ્રી પામી તે સ્થિતિને બાંધનાર સઘળા જીવોએ અનુભવવી જોઈએ, પરંતુ તેમ થતું નથી. કર્મની એક સ્થિતિ બાંધનાર અનેક જીવોમાંથી એક જીવ જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિને અમુક ક્ષેત્ર કે અમુક કાળમાં અનુભવે છે, તેમ બીજો જીવ તે જ સ્થિતિને બીજા ક્ષેત્ર કે બીજા કાળમાં અનુભવે છે. આ કારણથી એક જ સ્થિતિબંધ થવામાં અનેક અધ્યવસાયોરૂપ અનેક કારણો છે. તે અનેક કારણોવડે સ્થિતિબંધ એક જીવને એક સમયે એકસરખો જ થાય છે. માત્ર તેમાં ભિન્ન ભિન્ન સંયોગોમાં અનુભવવારૂપ તેમજ અનેક કારણોવડે ફેરફાર થવારૂપ વિચિત્રતા રહેલી છે. તાત્પર્ય એ કે–ઘણા જીવોએ સમાન સ્થિતિવાળું કર્મ બાંધ્યું હોય, તેમાં પણ પરિણામની તરતમતાથી અનુભવકાળ જૂદો જૂદો દેખાય છે અને તે પરિણામની તરતમતા દ્રવ્યાદિ પાંચ કારણની અપેક્ષા રાખે છે. વિશેષ સમજ ખાતર ફરી વિચારીએ કે–એક એક સ્થિતિસ્થાનકના બંધમાં હેતુભૂત નાના જીવોની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયના સ્થાનો હોય છે, એટલે કે–સ્થિતિ સરખી જ બાંધે છે, છતાં કષાયોદયો ભિન્ન ભિન્ન હોય છે અને ભિન્ન કષાયોદયરૂપ કારણોવડે એક જ સ્થિતિસ્થાનના બંધરૂપ કાર્ય થાય છે. કારણો અનેક છતાં સામાન્યતઃ એક સ્થિતિસ્થાનના બંધરૂપ કાર્ય જો કે એક જ થાય છે, છતાં જે સ્થિતિસ્થાન બંધાય છે તે એકસરખી જ રીતે ભોગવાય–અનુભવાય તેવું બંધાતું નથી; પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિ અનેક જાતિની વિચિત્રતાયુક્ત બંધાય છે. ભિન્ન ભિન્ન દ્રવ્યોરૂપ નિમિત્તવડે ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં, ભિન્ન ભિન્ન કાળમાં અને જૂદા જૂદા ભવોમાં જે એક જ સ્થિતિસ્થાન અનુભવાય છે. તે જો તેના બંધમાં અનેક કષાયોદયરૂપ કારણો ન હોય તો ન અનુભવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધમાં એક જ કારણ હોય તો બાંધનારા સર્વે એકસરખી જ રીતે અનુભવે, પરંતુ તેમ નથી. એક જ સ્થિતિસ્થાન જૂદા જૂદા જીવો દ્રવ્યાદિ ભિન્ન ભિન્ન સામગ્રી પામીને જે અનુભવે છે, તે જૂદા જૂદા કષાયોદયરૂપ ભિન્ન ભિન્ન કારણોને જ આભારી છે અને તે કષાયોદયરૂપ પરિણામની તરતમતા દ્રવ્યાદિ પાંચ કારણોની અપેક્ષા રાખે છે.

આ ઉપરથી એમ ખરેખર કહી શકાય કે-જીવને દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિને અનુસરી જેવા જેવા પ્રકારના સંયોગ-સામગ્રી-નિમિત્ત પ્રાપ્ત હોય, તેવા તેવા પ્રકારે આત્મા અધ્યવસાયને પામી દ્રવ્યાદિ સામગ્રી અનુસાર તીવ્ર કે મંદ રસવડે સ્થિતિબંધ અનુભવે છે. કાર્ય તેમજ કારણ બન્નેય દ્રવ્યાદિની અપેક્ષા રાખે છે, કારણ કે-કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ-આ પાંચની અપેક્ષાએ છે. સુખ-દુઃખના કારણભૂત પુન્ય-પાપાત્મક કર્મ પણ દ્રવ્યક્ષેત્રાદિની અપેક્ષાએ જ ઉદય અથવા ક્ષય પામે છે. સંસારના સર્વ કાર્યોમાં અનુભાગ-રસરૂપ કષાય એક કે બીજી રીતે જોડાયેલા જ રહે છે. રાગદ્વેષ વગર સંસારનાં કાર્યો બનતાં નથી અને તેથી ગુપ્તપણે કે ઉઘાડી રીતે કષાય થઈ જાય છે. આ જ બાબત ત્યાગી જીવનમાં પણ લાગુ પડી શકે.

અત્ર કષાય શબ્દની વ્યાખ્યા બંનેય (સ્થૂલ અને સૂક્ષ્મ) રીતે સમજવાની છે. સૂક્ષ્મની ગણત્રી સંજ્વલન કષાયમાં અને તેથી પૂર્વ પૂર્વમાં અનુક્રમે સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ માની શકાય. સૂક્ષ્મ દૃષ્ટિએ-તાત્વિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિએ વિચારવામાં આવે તો જીવને ક્ષણે ક્ષણે કષાય જાગૃત છે. આત્મા પોતાના કર્માનુસાર દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ સામગ્રીને પામવા છતાં તે તે દ્રવ્ય-ક્ષેત્રાદિને અમુક અંશે સ્વાત્માનુકૂળ કરવો કે પ્રતિકૂળ કરવો તે પોતાના હાથમાં છે. વિચારક આત્મા ધારે તો તેને (દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રીને) સ્વાત્માનું હિત થાય તેવો કરી શકે છે અને એ કારણે પોતાનો જે રીતે આત્મવિકાસ થાય, આત્મસ્થિરતા થાય, તથાપ્રકારનો માર્ગ શોધવા લલચાય એ સહજ છે, કે જેથી આત્મવિકાસનું જે મુખ્ય કારણ અધ્યવસાયની શુદ્ધતા રહેવાનો હેતુ બન્યો રહે અને તેથી કર્મનો અનુભાગ--રસ થવામાં ચિકાશ ન થાય. ધ્યાનમાં રાખવું કે-સ્થિતિબંધ એકસરખી જ રીતે ભોગવાય તેવો થાય, છતાં રસબંધ એકસરખી જ રીતે ભોગવાય તેવો થતો નથી. લેશ્યાના ભિન્ન ભિન્ન પરિણામરૂપ નિમિત્તવડે જૂદી જૂદી રીતે ભોગવાય તેવો પણ રસબંધ થાય, તેથી સ્થિતિ એકસરખી બાંધવા છતાં રસ ઓછો-વત્તો બંધાય છે અને તે દ્રવ્ય--ક્ષેત્રાદિ સામગ્રી પ્રમાણે અનુભવાય છે. સ્થિતિ પણ રસાધીન હોવાથી રસના નાશથી સ્થિતિનો નાશ અવશ્ય થાય છે. કર્મબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનકો દ્રવ્યાદિ પાંચમાના કોઈ પણ કારણથી ઉત્પન્ન થતાં, ક્ષયોપશમની માફક વિચિત્ર હોવાથી સ્થિતિ-રસનો ઉપક્રમ ( ઘટાડો ) કરી શકે છે અને તેમ થતાં આત્મા ઉચ્ચ સ્થિતિને પામવા લાયક બની શકે છે.

( પંચસંગ્રહની સંકલના )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org